## તંત્રી સ્થાનેથી....

પ્રિય જ્ઞાતિજનો,

જય એકલિંગજી

સમય પસાર થતાં વાર લાગતી નથી. ગયું વર્ષ હજી હમણાં જ પુરું થયું છે તેમ લાગે છે. આ અંક આપના હાથમાં આવશે ત્યારે દિવાળીના તહેવારો શરૂ થઈ ગયા હશે. આવનારું વર્ષ સૌ જ્ઞાતિજનો માટે લાભદાયી અને પ્રગતિકારણ બને તેવી ઈષ્ટદેવ શ્રી એકલીંગજી દાદાના ચરણોમાં પ્રાર્થના સાથે સૌને નૂતનવર્ષાભિનંદન.

સમગ્ર વર્ષ દરમ્યાન સાથ સહકાર આપનાર વિજ્ઞાપન દાતાઓ, વાચકમિત્રો તેમજ આ ભગીરથ કાર્યમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌને દિપાવલીની શુભેચ્છા સહ.....

- તંત્રી


Kirit Upadhyay M. 98256 55405

Jaimin Upadhyay M. 96628 30607



fruits/platters/juices

2, Yogi Complex, Opp. Axix Bank,
Nr. Drive-in-Cinema, Ahmedabad-54.
Ph. : 079-30221144


## પ્રમુખ સ્થાનેથી

**જય એકલિંગજી સાથે સૌ જ્ઞાતિજનોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન.**

નવું વર્ષ સૌ જ્ઞાતિજનોની આર્થિક, સામાજિક સમૃદ્ધિ વધારનારું, શારીરીર રીતે સ્વસ્થ બનાવનારું, વિદ્યાર્થીઓમાં વિકાસનું, નોકરીવાંચ્છુકોને વધારેમાં વધારે નોકરી અપાવનારું અને સામાજીક સમરસતા વધારનારું અને સમાજની એકતા, અખંડિતા અને સંગઠનને વધુ મજબૂત બનાવનારું બને તેવી પૂજ્ય એકલિંગજી દાદાને તથા કુળદેવી મા કાત્યાયીનીના ચરણોમાં પ્રાર્થના.

આપ સૌ જાણો છો તેમ ગત વર્ષે ૫૮ વર્ષના લાંબા ગાળા બાદ ષષ્ઠમ સંમેલનનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. સંમેલનમાં સમાજના ઉત્થાન માટેની યોજનાઓ જાહેર કરવામાં આવી હતી. આ યોજનાઓનો હવે અમલના તબક્કે પહોંચી છે. તે આપણ સૌના માટે આનંદની વાત છે. સાથે સાથે સમાજમાં, સમાજના આગેવાનોમાં જાગૃતિ આવવાની સાથે સમાજ ઉપયોગી કાર્યો કરવાની સતર્કતા વધી છે, તે સમાજ માટે ખૂબ જ સારી વાત છે.

સમાજના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓ સતત ચાલતી રહે તો જ સમાજનો વિકાસ, ઉત્થાન થઈ શકે. અન્ય સમાજોની સરખામણીએ આપણે પાછળ છીએ. આ સામાજીક વિકાસનું પછાતપણું દૂર કરવા આપણે સૌ સંકલ્પબદ્ધ થઈએ તે જરૂરી છે.

સમાજના વિવિધ વર્ગોના ઉત્થાનની પ્રવૃત્તિઓ ગત વર્ષે કરી હતી. આ વર્ષે પણ ઘણી બધી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવનાર છે. તેની હવે પછીના અંકોમાં જાહેરાત કરવામાં આવશે. સમાજના સૌ આગેવાનો, વિવિધ સમાજોના હોદ્દેદારોને પણ આ પ્રવૃત્તિઓમાં વધારેમાં વધારે લોકો લાભ લે માટે પ્રયત્નો કરવા આ તબક્કે ખાસ આગ્રહ અને વિનંતી છે.

ગાંધીનગર સમાજ દ્વારા પ્રકાશિત સમાજનું મુખપત્ર 'ભટ્ટ મેવાડા વર્તમાન' ત્રીજા વર્ષમાં પ્રવેશીને હવે સમાજના વિકાસને ઉત્થાન માટે વધારે બળ પુરું પાડનારું બને તે માટે સૌનો આભાર.

ફરીથી સૌને નવા વર્ષની શુભેચ્છાઓ સાથે પ્રગતિના સોપાન સર કરવામાં પૂજ્ય એકલિંગજી દાદાની કૃપા રહે તે પ્રાર્થના.

- રમેશ જોષી

With Best Compliments From.....

Happy Dipawali....

Ashok Shah
AGM (O & M)
M. 98255 99391

# Kintech Synergy (P) Ltd.

8-9, Shivakik Plaza, Kintech House,
IIM Road, Ambawadi,
Ahmedabad-15.



Happy Dipawali....

Yagnesh Y. Pandya (M) 0 9825 739 786
Vishal Y. Pandya (M) 0 9427 623 786
(O) 2220 3001

# PARICHIT ENTERPRISE

Facilities for Calibration, Repairing & Sales of
all Instruments. ISI / ISO Consultancy

FF/7, Krishna Gopal Estate, C/o. Forge Blower Compoud,
Memco, Naroda Road, Ahmedabad-382330. (Gujarat).
E-mail : parchitcalibration@in.com,
parchitganesh@yahoo.co.in

# રુદ્રાક્ષ

ઉપમન્યુ પંડ્યા
મો. ૯૪૦૯૪૦૯૪૪૪



જય એકલિંગજી

ભટ્ટ મેવાડા સમાજનું ગાંધીનગરના વાર્ષિક અંકમાં રુદ્રાક્ષ માટે લખતાં આનંદ અનુભવાય છે.

રુદ્રાક્ષ માટે મારા પોતાના અનુભવ આપણા સમાજ પ્રત્યે રજૂ કરું છું. જીવનમાં એક મુખી રુદ્રાક્ષથી લઈને ચૌદ મુખી રુદ્રાક્ષના વિવિધ લાભો નીચે રજૂ કરેલ છે.

**૧. એક મુખી**

આ રુદ્રાક્ષ સાક્ષાત શિવરુપ મનાય છે. ધારણ કરનારને વૈભવ-વિલાસ અને તે મોક્ષરૂપી ફળ આપે છે. જ્યાં તેની પૂજા થાય છે ત્યાં લક્ષ્મી દૂર થતી નથી તેમજ સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. બધા અનિષ્ટો દૂર થાય માનસિક શાંતિ સ્થપાય તેમજ આ રુદ્રાક્ષ પરમ દિવ્ય સર્વ સિદ્ધિદાયક અને સ્વયં સિદ્ધિ છે.

**૨. દ્વિમુખી :**

આ રુદ્રાક્ષ અર્ધનારીશ્વરનું પ્રતીક છે. તે તામસ વૃત્તિઓનું ખનન કરે છે. ચિત્તની એકાગ્રતા, મનની શાંતિ, આધ્યાત્મિક ઉન્નતિ તેમજ કુંડલીની જાગરણ માટે પ્રયોગ થાય છે. આ રુદ્રાક્ષ ગર્ભવતીની કમર કે હાથ પર બાંધવાથી સુખપૂર્વક પ્રસવ થાય છે. પ્રસવકાળ કે ગર્ભાવસ્થા દરમિયાન કોઈ તકલીફ થતી નથી.

**૩. ત્રિ મુખી**

આ રુદ્રાક્ષ પર અગ્નિદેવ પ્રસન્ન રહે છે. ધન વિદ્યાની વૃદ્ધિ થાય છે. તેમજ તૃતીયક જવર મટે છે.

**૪. ચતુર્મુખી**

આ રુદ્રાક્ષ બ્રહ્માનું પ્રતીક છે. ધર્મ, અર્થ, કામ તેમજ મોક્ષની આ રુદ્રાક્ષ ઉપલબ્ધી કરાવે છે. મંદબુદ્ધિ, નબળી સ્મૃતિ શક્તિ, કમજોર વાકશક્તિ માટે તે કલ્પવૃક્ષ સમાન છે. વિધિપૂર્ણ તે ધારણ કરવો. પરીક્ષામાં તે અસાધારણ સફળતા અપાવે છે. આ રુદ્રાક્ષને દૂધમાં ઉકાળીને પીવાથી માસિકના વિકાર દૂર થાય છે.

**૫. પંચ મુખી**

તે કાલાગ્ની રુદ્રનું પ્રતીક છે. મનોવાંછિત ફળ પ્રદાન કરે છે. તે પાપ-તાપ નાશક છે. સ્વાસ્થ્યની રક્ષા કરે છે.

**૬. ષડમુખી**

કાર્તિકેયનું પ્રતીક મનાય છે. કેટલાક તો ગણેશનું પણ પ્રતીક માને છે. રિદ્ધિ - સિદ્ધિ માટે તે જમણા હાથ પર ધારણ કરવો. વિધિપૂર્વક ધારણ કરવાથી જીવનમાં કોઈ વાતની કમી રહેતી નથી. વિદ્યાર્થી માટે તે ફળદાયી છે. હિસ્ટીરીયા, મૂર્છા, પ્રદર વગેરે સ્ત્રીરોગોમાં ચમત્કારીક રીતે ફાયદો કરે છે.

**૭. સપ્તમુખી :**

આ રુદ્રાક્ષ ધારણ કરનારને ધન, વૈભવ અને ઐશ્વર્ય અપાવે છે. ચારે તરફ યશ પ્રસરે છે.

**૮. અષ્ટમુખી**

તે ભૈરવનું પ્રતિક મનાય છે. આયુષ્યની વૃદ્ધિ કરે છે. ધારણ કર્તા ઉપર ભગવાનની કૃપા ઉતરે છે.

**૯. નવ મુખી**

કપિલમુનીનું તે પ્રતીક મનાય છે. દશા ઉદકમાણ તેના રક્ષક છે. દુર્ગાદેવી તેની અધિષ્ઠાત્રી છે. નવરાત્રીમાં તે ધારણ કરવાથી દુર્ગા પ્રસન્ન થાય છે. ભૂજા પર આ રુદ્રાક્ષ ધારણ કરવો. ભાગ્યવૃદ્ધિ કુટુંબ અને સંતાન સુખ પ્રાપ્ત થાય છે. મનોકામનાઓ પરિપૂર્ણ થાય છે.

**૧૦. દસ મુખી**

આ રુદ્રાક્ષ વિષ્ણુ ભગવાનનું પ્રતીક છે. ભૂત, પ્રેત, પિશાચ બાધાઓ દૂર કરે છે. તાંત્રિક ક્ષેત્રમાં તેનું ખૂબ જ મહત્વ છે. આ રુદ્રાક્ષને ગળામાં ધારણ કરવો. ધારણકર્તાને મારણ - મોહન ઈત્યાદિનો પ્રભાવ થતો નથી.

**૧૧. એકાદશ મુખી**

રુદ્રનું પ્રતીક છે. ઈન્દ્ર તેના મુખ્ય દેવ છે. પૂજાના સ્થાને કે તિજોરીમાં રાખવો. સ્ત્રીઓ માટે તે મહત્વપૂર્ણ છે. પતિની દીર્ઘાયુ, ઉન્નતિ અને સૌભાગ્યની વૃદ્ધિ માટે તે ઉપયોગી છે. સંક્રામક રોગો સામે તે રક્ષણ આપે તેમજ વિજય અપાવે છે.

**૧૨. દ્વાદક્ષ મુખી**

આપણ વિષ્ણુનું પ્રતીક મનાય છે. બાર આદિત્ય તેના દેવતા મનાય છે. જાતકને સુખશાંતિ અને રોજગાર મળી રહે છે.

**૧૩. ત્રયોદશ મુખી**

ઈન્દ્ર તેના દેવતા છે. મનોરથોની પૂર્તિ થાય છે. તે સૌભાગ્ય અને માંગલ્યપ્રદ છે.

**૧૪. ચર્તુદશી મુખી**

આ રુદ્રાક્ષ શિવનું પ્રતિક મનાય છે. તે સર્વ પાપોનું શમન કરે છે. કષ્ટોને દૂર કરે છે. આરોગ્ય પ્રદ છે. દૂધમાં ઉકાળીને ત્રાણ દિવસ સુધી પીવાથી મસ્તકના દરેક દુખ દૂર થાય છે.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**Paresh C. Joshi**

**INVESTMENT CONSULTANT**

General Insurance
Life Insurance Corporation of India

Plot No. 572/1, Sector-6 B,
Gandhinagar-382 006.

Mobile : 96381 48699
Phone : 079 - 23236704

## જાહેર વિજ્ઞપ્તિ

## ચિરા કે ટાંકા વગર પુરુષ નસબંધી (NSV)

- પરીવારનું કદ મર્યાદિત રાખવા માટે પુરુષ નસબંધી કાયમી પદ્ધતિ છે.
- પુરુષ નસબંધી વધારે સરળ અને સુરક્ષિત છે.
- પુરુષ નસબંધી કરાવવામાં સમય પણ થોડો જ જોઈએ છે.
- પુરુષ નસબંધી પણ ગર્ભ નિરોધક માટે સ્ત્રી નસબંધી જેટલી જ પ્રભાવશાળી છે.

## પુરુષ નસબંધી લાભાર્થીઓ માટે રોકડ સહાય

- ટાંકા કે ચિરા વગરની પુરુષ નસબંધીનો લાભ લેનાર લાભાર્થીઓને સ્થળ ઉપર રૂા. ૧૧૦૦/- અંકે રૂપિયા એક હજાર સો પૂરા લોસ ઓફ વેઈજીજ તરીકે રોકડા ચૂકવવામાં આવશે. તેમજ મોટીવેટરને રૂા. ૨૦૦/- અંકે રૂપિયા બસો પૂરા. રોકડા ચૂકવવામાં આવે છે.

**ડીસ્ટ્રીક હેલ્થ સોસાયટી સાબરકાંઠા, જિલ્લા પંચાયત, હિંમતનગર**

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
સાબરકાંઠા જિલ્લા પંચાયત
હિંમતનગર

## દિપાવલીની શુભેચ્છા સહ....

જતિન રસિકભાઈ પટેલ
M. 80006 97518
M. 98985 91368
M. 95588 54511



## જય કિશન ક્રેકર્સ

દિપાવલી તેમજ શુભ પ્રસંગે ફેન્સી દારૂખાનું મેળવવા સંપર્ક કરો.

સરનામું : પ્લોટ નં. ૨૭૨/૨, સેક્ટર-૨ બી, ગાંધીનગર.
દિવાળીમાં સ્ટોલ : હંગામી ફટાકડા બજાર, સેક્ટર-૨૧, ગાંધીનગર

પ્રવિણભાઈ પટેલ
M. 98240 81161

## શ્રી ઉમિયા ગ્લાસ

દરેક પ્રકારના બારી-બારણાના કાચ, ફર્નિચરના કાચ (૩ એમ.એમ. થી ૧૨ એમ.એમ. સુધી) મળશે.

તેમજ કાચ ઉપર ડિઝાઈન વર્ક કરી આપવામાં આવશે.

(એલ્યુમિનીયમ ડોર વિન્ડો તથા કાચ ફીટીંગ કરી આપવામાં આવશે.)

સિદ્ધિ વિનાયક કોમ્પલેક્ષ, એનીટાઈમ હોટલની નીચે, સ્કુલ ઓફ એચીવરની બાજુમાં, સરગાસણ ચોકડી, ખ-0, ગાંધીનગર.

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | |
|---|---|---|
| નામ : દિપેન પંકજકુમાર મહેતા | સ્વીકૃતકુમાર ત્રિવેદી | જતીન જોશી |
| જન્મ તારીખ : ૧૮-૦૪-૧૯૮૫ | ૩૦-૧૨-૧૯૮૧ | ૧૮-૦૨-૧૯૮૫ |
| અભ્યાસ : બી.કોમ., હોટલ એન્ડ હોસ્પીટાલીટી મેને. | બી.કોમ. કોમ્પ્યુટર | બી.ઈ. ઈલેકટ્રીકલ અને ઈલેકટ્રોનીક્સ |
| વ્યવસાય : હોટલ હાઉસ ઓફ એમજી (અગાસીયા) | તમાકુનો ધંધો, ટ્રાન્સપોર્ટ | નોકરી ઈન્ટુસ પાવર |
| માસિક આવક : - | - | - |
| ઊંચાઈ : ૫' ૮'' | ૫' ૯'' | - |
| ગોત્ર : શાંડિલ્ય | માંડલ્ય | પારાશર |
| વતન : ભરૂચ | અલીણા | રાયગઢ |
| રહેઠાણ : અમદાવાદ | અલીણા, જિ.ખેડા | અમદાવાદ |
| સંપર્ક : પંકજ મહેતા | બળવંતભાઈ ત્રિવેદી | રમાકાન્ત જોશી |
| ફોન - ૨૩૨૯૪૮૪૫, ૯૪૨૯૩ ૦૫૧૪૭ | ૦૨૬૮-૨૫૭૪૭૭૫, ૯૯૧૩૯૭૬૭૬૩ | ૯૮૨૪૯ ૧૩૦૫૯ |

## ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



બાકરોલના વતની કરૂણાશંકર મહાશંકર વ્યાસ શ્રી ભાગ્યોદય જ્યોતિષ કાર્યાલયના જ્યેષ્ઠ પુત્ર વૈદ્ય અશોક કે. વ્યાસ, ખેડા જીલ્લા બી.એસ.એ.એમ. પ્રેક્ટિશનર એસોસીએશન, નડીયાદ સર્વાનુમતે પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. વૈદ્ય અશોકભાઈ વ્યાસ છેલ્લા ૩૦ વર્ષથી આયુર્વેદના પ્રશસ્ત ઔષધો દ્વારા અસાધ્ય રોગોનું નિર્મુલીકરણ કરી રહ્યા છે. એસ્ટ્રોલોજી ક્ષેત્રે પણ ખેડા જીલ્લાના ઘનિષ્ઠ પરિવારો સાથે સંકળાયેલા છે. ભટ્ટ મેવાડા સમાજના લોકહીતના કાર્યો પણ કરી રહ્યા છે. તે ગૌરવની બાબત છે. તેઓ સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયન મેડીસીન દિલ્હીના નોંધાયેલ સ્નાતક છે. અખિલ ભારતીય વનૌષધિ અભ્યાસ મંડળના સભ્ય છે. આયુર્વેદની વિવિધ સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે.

## ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



રાયગઢના વતની અને મુંબઈમાં સ્થાયી થયેલા શૈલેન્દુ ગિરીશકુમાર ભટ્ટના સુપુત્ર ચિ. જય શૈલેન્દુભાઈ ભટ્ટ ધોરણ-૧૦ની મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડની એસ.એસ.સી.ની માર્ચ-૨૦૧૧ની પરીક્ષામાં ૯૨.૩૬ ટકા મેળવીને અંગ્રેજી માધ્યમની વિર ભગતસિંહ વિદ્યાલય, મલાડ સ્કૂલમાં ઉત્તીર્ણ થયા છે. તેમણે સમગ્ર ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ વધારેલ છે. તેઓ ઉત્તરોત્તર પ્રગતી કરે તેવી ઈષ્ટદેવ શ્રી એકલિંગજી દાદા તથા કાત્યાયની માતાને પ્રાર્થના.


**Total Power Solution Under one Roof**
**COMPANY BRANCH OFFICE AT GHATLODIA**

EXIDE INDUSTRIAL | SF SONIC | Base Terminal | PRESTOLITE

Dealers are Wel-Comed

* **Car Batteries :** Maruti, Hyundai, Tata, Skoda, Toyota
* **Two Wheeler :** Honda, Bajaj, TVS, Yamaha, LML
* **SMF BATTERIES FOR** UPS, INVERTER & HOME UPS

**SALES & SERVICES**

* On-line UPS (600 VA to 60 KVA)
* Inverter for Residential, Industrial & Hospital Application
* Stabilizer for Industrial & Residential (Home System, A.C., T.V., Freez)

CHIRAG PANDYA MOB. 95379 77122 KALPESH RAMESHCHANDRA JOSHI MOB. 95379 77203

**SHREE POWER PRODUCTS**

LL-12, Manthan Society, Opp. Modi Petrol Pump, Satadhar Char Rasta, Ghatlodia, Ahmedabad-61. E-mail : shreekrj@vsnl.com • shreekrj@rediffmail.com

☞ **Required : Sales & Service Engineers**
☞ **જ્ઞાતિબંધુઓ માટે વિશેષ ઓફર...**

# સમસ્ત ભટ્ટ મેવાડા પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજના

જ્ઞાતિજનના દુઃખમાં ભાગીદાર થવાની યોજના. ષષ્ઠમ સંમેલનમાં જાહેર કર્યા પ્રમાણે આ યોજના અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ ફેડરેશનના નેજા હેઠળ કાર્યાન્વિત કરવામાં આવી છે અને જ્ઞાતિજનો તરફથી આ યોજનાને ઉષ્માભર્યો આવકાર મળ્યો છે.

આ યોજના કાયમી અને સતત ચાલુ યોજના છે અને આના સભ્ય ગમે તે તારીખથી થઈ શકાય છે.

આ યોજના પરસ્પર સહકારના સિદ્ધાંત આધારિત છે અને આ યોજનાના સભ્ય જ્ઞાતિજનો એકબીજાને મદદ કરે અને એક બીજાની નજીક આવે તે ઉદ્દેશ છે.

આ યોજનાના સભ્યનું મૃત્યુ થતું તેના વારસદારને જે તે સમયની કુલ સભ્ય સંખ્યાના ૧૦૦ (એકસો) ઘણી રકમ ચુકવવામાં આવશે.

હાલ આ યોજનામાં દાખલ થવા માટે નીચે પ્રમાણે ચુકવણું કરવાનું રહેશે.

| ઉંમર વર્ષ | દાખલ ફી | ડીપોઝીટ | કોર્પસ ફી | કુલ રૂા. |
|---|---|---|---|---|
| ૨૧ થી ૪૦ | ૨૫૦ | ૫૦૦ | ૫૦ | ૮૦૦ |
| ૪૧ થી ૫૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦ | ૧૦૫૦ |
| ૫૧ થી ૬૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૫૦ | ૧૫૫૦ |
| ૬૧ થી ૭૦ | ૨૦૦૦ | ૫૦૦ | ૫૦ | ૨૫૫૦ |

ઉપરોક્ત રકમ રોકડા અથવા ''સમસ્ત ભટ્ટ મેવાડા પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજના''ના નામથી ચેક/ડ્રાફ્ટ દ્વારા ચુકવી શકાય છે. ચેક/ડ્રાફ્ટની પાછળ નામ/ટે.નં. લખવા વિનંતી છે.

૬૧ થી ૭૦ વર્ષની ઉંમરના જ્ઞાતિજનો માટે આ યોજના ૩૧-૧૨-૨૦૧૧ સુધી ખુલ્લી છે. તા. ૧-૧-૨૦૧૨ થી ૬૦ વર્ષ ઉપરના નવા સભ્યો લેવામાં આવશે નહિં.

૩૧-૧૨-૧૧ સુધીમાં સભ્ય બનેલ જ્ઞાતિજન આ યોજનાનો આજીવન લાભ લઈ શકશે.

૩૧-૧૦-૨૦૧૧ સુધીમાં સભ્ય બનનારને આ યોજનાનો લાભ તા. ૧-૧-૧૨થી મળશે. જ્યારે ૧-૧૧-૨૦૧૧ પછી સભ્ય બનનારને સભ્ય બન્યા તારીખથી છ માસ બાદ લાભ મળશે.

યોજનામાં દાખલ થવા માટે ફોર્મ, ફોટા તથા જન્મ તારીખનું પ્રમાણ આપવાનું રહેશે.

**અકસ્માત વીમા યોજનાનો લાભ વધારાની ચૂકવણી વગર મળે છે.**

**સતત ચાલુ રહેતી અને એકબીજાને મદદ કરવાની યોજના છે.**

## ષષ્ઠમ સંમેલનના પરિપક્વરૂપે કાર્યાન્વિત થયેલ યોજના

### જ્ઞાતિજનના દુઃખમાં ભાગીદાર થવાની યોજના

ચાલુ વર્ષે આ યોજનાના સભ્ય બનનારને (૭૦ વર્ષથી ઓછી ઉંમર) રૂા. એક લાખનો અકસ્માત મૃત્યુ વીમો વધારાના લાભ તરીકે આપવામાં આવે છે. આ વીમાની મુદત હાલ ૧-૯-૧૧ થી ૩૧-૮-૨૦૧૨ સુધીની છે. આ લાભ ગ્રુપ ઈન્સ્યોરન્સ અન્વયે આપવામાં આવતો હોઈ એક સાથે પચીસ વ્યક્તિનો વીમાનું પ્રીમીયમ ભરવાનું હોય થે એટલે નવા સભ્યોનું ૨૫નું જૂથ થતાં તેમનું પ્રીમીયમ ભરી વીમો ચાલુ કરવામાં આવશે.

આ યોજનાના કોઈ સભ્યનું મૃત્યુ થતાં અને એની વિધિવત જાણ થતાં ડીપોઝીટની રકમમાંથી તાત્કાલિક ચૂવકણું કરવામાં આવશે. મૃત્યુ સમયે દરેક સભ્યે રૂા. ૧૨૦નો ફાળો આપવાનો રહેશે. આમાંથી રૂા. ૧૦૦ ડીપોઝીટ સરભર કરવામાં અને રૂા. ૨૦ કોર્પસ ફંડમાં જમા કરવામાં આવશે.

આ યોજનામાં જોડાઈ અન્યોન્યને મદદરૂપ થવા જ્ઞાતિજનોને વિનંતી છે.


With Best Compliments From

**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in

## હાર્દિક શુભેચ્છા સહ.....

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

# શ્રી તીર્થેશ (રવિ) ઉપાધ્યાય

મો. ૯૩૭૪૬ ૨૯૩૮૦
(રહે) ૨૩૨૪૩૧૦૧

**એલ.આઈ.સી.ના કામકાજ માટે સંપર્ક કરો.**

---

Bharat Joshi Mob. 99250 47530
Bhumesh Joshi Mob. 97129 51963
Ph. : 2764-234114

LPS

# BALRAM
**SALES CORPORATION**

Authorised Dealers :

**LPS & UNBRAKO MAKE HIGH TENSILE INDUSTRIAL FASTNERS, M.S., S.S. AND ALL TYPE OF NUTS & BOLTS**

7, Sagar Com. Complex,
Below Bank of Baroda,
CHHATRAL.
Gujarat. Pin : 382729
E-mail : balramsales@gmail.com

---

## સૌ જ્ઞાતિજનોને નૂતન વર્ષાભિનંદન

**હરસિદ્ધ ઋષિરાજ અગ્નિહોત્રી**
**વર્ષા હરસિદ્ધ અગ્નિહોત્રી**
**યજુષ, ઋચા**

**પતંજલિ આર. અગ્નિહોત્રી**
**ભાવના પતંજલિ અગ્નિહોત્રી**
**યાસ્ક, અદિતી, પુષન્, રુદ્ર**

# અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રહ્મસમાજ ષષ્ટમ સંમેલન

## આવક જાવકનો હિસાબ

## સરવૈયુ

(૧ એપ્રિલ, ૨૦૧૦ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૧)

| જવાબદારીઓ | ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૧ના રોજ | | એસેટ્સ | ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૧ના રોજ | |
|---|---|---|---|---|---|
| કેપીટલ એકાઉન્ટ | | ૨,૧૧,000.00 | | | |
| આર્કિટેક્ટના વિદ્યાર્થીઓ | | | ચાલુ એસેટ્સ | | ૮,૧૩,૭૮૪.00 |
| માટે શૈક્ષણિક ફંડ | ૨,૧૧,000.00 | | હાથ પરની સિલક | ૩૭,૦૭૯.00 | |
| | | | બેંક એકાઉન્ટ | ૭,૭૬,૭૦૫.00 | |
| લોન (જવાબદારીઓ) | | | | | |
| ચાલુ જવાબદારીઓ | | | | | |
| આવક-જાવકનો હિસાબ | | ૬૦૨,૭૮૪.00 | | | |
| ચાલુ સમયની ઉઘડતી સિલક | ૬૦૨,૭૮૪.00 | | | | |
| કુલ | | ૮,૧૩,૭૮૪.00 | | | ૮,૧૩,૭૮૪.00 |

## આવક જાવકનો હિસાબ

## ૧ એપ્રિલ, ૨૦૧૦ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૧

| વિગત | ૧ એપ્રિલ ૨૦૧૦ થી ૩૦ સપ્ટે. ૨૦૧૧ | | વિગત | ૧ એપ્રિલ ૨૦૧૦ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૧ | |
|---|---|---|---|---|---|
| જાવક | | ૨,૫૯,૧૪૫.00 | આવક | | ૮,૬૧,૯૨૯.00 |
| બેંક ચાર્જીસ | ૩00.00 | | બેંક વ્યાજ | ૧૭,૩૮૨.00 | |
| કંટીજંટ ખર્ચ | ૫,૧૯૪.00 | | દાન | ૭,૫૫,૨૯૭.00 | |
| મંડપ અને સજાવટ | ૭૯,૫૬૮.00 | | નોંધણી ફી | ૮૯,૨૫0.00 | |
| ટપાલ અને કુરીયર | ૩,૫૧0.00 | | | | |
| સંમેલન જગાનું ભાડું | ૫,000.00 | | | | |
| શિષ્યવૃત્તિ | ૧૫,000.00 | | | | |
| સોવેનીયરનો ખર્ચ | ૮૬,૯૯0.00 | | | | |
| સોવેનીયર કીટ | ૩0,0૯૫.00 | | | | |
| સ્ટેશનરીનો ખર્ચ | ૨૭,૯૮૮.00 | | | | |
| વાહન ભાડુ | ૫,૫00.00 | | | | |
| નેટ બચત | | ૬,0૨,૭૮૪.00 | | | |
| કુલ | | ૮,૬૧,૯૨૯.00 | કુલ | | ૮,૬૧,૯૨૯.00 |

ઉપરોક્ત હિસાબો ઓડીટર શ્રી આશીષભાઈ ભટ્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, હિંમતનગર અને શ્રી મહેન્દ્રભાઈ જોશી, વ્યાસવાસણા એ તપાસેલ છે અને તે સાચા હોવાનુ પ્રમાણિત કરેલ છે.

બ્રહ્મભોજન દાતા શ્રીમતી શાંતાબેન શંકરલાલ ઉપાધ્યાય અને સ્મૃતિચિહ્ન (ઘડિયાળ) દાતા શ્રી સતીશભાઈ જોશી નાર્ગાજુન ફાર્માસ્યુટીકલ્સ અમદાવાદનો આભાર

# कुर्यात सदा मंगलम्

## વાંચનના શોખને વિકસાવવીએ

સમસ્ત ભટ્ટ મેવાડા પરિવાર - ગાંધીનગર અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહેલ છે. વર્તમાન સમયમાં “Knowledge is power” ઉક્ત અત્યંત મહત્વની પુરવાર થઈ રહી છે. જ્ઞાનોપ્રાજનના અનેકવિધ સાધનો પૈકી વાંચન ખૂબ જ અગત્યતા ધરાવે છે. તેવા સંજોગોમાં જ્ઞાતિબંધુઓ તેમને રસ હોય તેવા આધ્યાત્મીક, વિજ્ઞાનને લગતા કે અન્ય ઉપયોગી પુસ્તકો વસાવે તથા તે પુસ્તકો રસ ધરાવતી વ્યક્તિઓ સુધી પહોંચે તે માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવે તો સમાજઉપયોગી કાર્ય થઈ શકે તેમ છે. વાંચન શોખનો વ્યાપ વધે તથા તે માટે કોઈ માળખુ વ્યવસ્થા ગોઠવી શકાય તે દિશામાં જાગ્રત જ્ઞાતિબંધુઓ વિચારે તે આજના સમાજની માંગ ને અનુરૂપ થઈ લાભકર્તા નિવડી શકશે.

વિજય ભટ્ટ (ગાંધીનગર)

## સમાજના સભ્યોનું સ્નેહમિલન

**સમાજનું સ્નેહમિલન તા. ૧૦-૧૨-૨૦૧૧, ગુરૂવારે સે. ૭ડીના બગીચામાં (શ્રી રમેશભાઈ જોષીના મકાન પાસે) યોજાશે. આ અંગેનો વિગતવાર કાર્યક્રમ રવાના કરવામાં આવી રહેલ છે. જેની સૌ જ્ઞાતિજનોએ નોંધાવવા વિનંતી છે.**

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

**Sonu N. Bhatt**

**(AGENT)**

**NSC, KVP, MIS, R.D.,**
**SMALL SAVINGS SCHEME,**
**LIC, UTI, PPF, COS. DEPOSITS,**
**SRGE, ICICI MUTUTAL FUND,**
**RBI RELIEF BONDS.**

**: RESIDENCE :**

PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.
**PH. : 079-23227798, (M) 98980 27798**

## દુઃખદ અવસાન

- અમદાવાદ નિવાસી શ્રી પદ્મનાભભાઈ તથા શ્રી નિરંજનભાઈ અગ્નિહોત્રીના માતૃશ્રી સ્વ. ઈંદિરાબેનું દુઃખદ અવસાન થયેલ છે.
- પ્રાંતિજ નિવાસી ડૉ. રવિન્દ્રભાઈ, ડૉ. દિપકભાઈના પિતા ડૉ. મુકુન્દરાય સોમનાથ પંડ્યાનું દુઃખદ અવસાન થયેલ છે.
- ભિલોડાના વતની હિંમતનગર રહેવાસી જેઠાલાલ માધવલાલ જોષીનું દુઃખદ અવસાન થયેલ છે.
- શ્રી પુરુષોત્તમ લાભશંકર ભટ્ટ (ભૂ.પૂ. પ્રમુખ ભટ્ટ મેવાડા છાત્રાલય, અમદાવાદ)ના ધર્મપત્ની સુશીલાબહેન પુરુષોત્તમ ભટ્ટનું દુઃખદ અવસાન થયેલ છે.
- ડૉ. હર્ષદભાઈ જોષીના પુત્ર ડૉ. નિષિથ જોષીનું દુઃખદ અવસાન થયેલ છે.
- પાલ્લાના નિવાસી ગુણવંતભાઈ કરૂણાશંકર જોષીના પિતાશ્રી કરૂણાશંકર ગીરજાશંકર જોષીનું દુઃખદ અવસાન થયેલ છે.
- અમદાવાદ નિવાસી શ્રી દુષ્યંત હર્ષદરાય જોષીના પિતાશ્રી હર્ષદરાય ભાઈશંકર જોષી (એડવોકેટ)નું દુઃખદ અવસાન થયેલ છે.

ઈષ્ટદેવતા શ્રી એકલિંગજી દાદા મૃતાત્માઓને ચિરઃ શાંતિ અર્પે અને મૃતકોના પરિવાર ઉપર આવી પડેલ સંકટ સહન કરવાની શક્તિ આપે એવી “ભટ્ટ મેવાડા વર્તમાન” પરિવારની પ્રભુ પ્રાર્થના.

**લખી રાખો આરસની તકતી પર....**(પાન ૧૨નું શેષ)

**એ ગાળામાં એને કદાચ મરચાં ભાવતાં હતાં તોય છોડી દીધાં છે,**
**તારું સ્વાસ્થ્ય ન બગડે માટે !**
**એની ઝડપથી ચાલવાની ટેવ હતી છતાં એમાં એણે સુધારો કર્યો છે,**
**તારા સ્વાસ્થ્યને નુકશાન ન થાય માટે !**
**ફરવા જવાનો એને શોખ હતો છતાં એણે એમાં નિયંત્રણ મૂક્યું છે,**
**તારી તંદુરસ્તી ન બગડે માટે !**
**ચોવીસેય ક્લાક સતત નવ મહિના સુધી તારો ભાર**
**પેટમાં રાખીને મમ્મી ફરી છે એટલું**
**તું અત્યારે સ્મૃતિપથમાં લાવી દે.**
**દર્શન,**
**અત્યારે તને વધુ ન કહેતાં એટલું જ કહું છું કે**
**મમ્મીના તારી ગર્ભાવસ્થા દરમ્યાનના આ ભોગને સમ્યક્**
**અંજલિ આપવાય**
**પત્નીને કહી દે કે ‘મમ્મીને સ્વભાવ બદલવાનું કહેવા કરતાં**
**મમ્મીના એ સ્વભાવને નિભાવી લેવાનું તને સૂચન કરવું**
**મને વધારે યોગ્ય લાગે છે’**
**બળદગાડાના યુગમાં મમ્મી જન્મી હતી માટે જ તો**
**એણે ગર્ભપાતતો નિકૃષ્ટતમ અપરાધ આચર્યો નથી અને**
**એ હિસાબે જ તો તું આ ધરતી પરના સૂર્યપ્રકાશનું કિરણ**
**સ્પર્શી શક્યો છે. બાકી કમ્પ્યુટર યુગની અત્યારની જે નવ કરોડ**
**માતાઓ દર વરસે પોતાના બાળકને પેટમાંથી જ પરલોકમાં રવાના**
**કરી રહી છે એ માતાઓમાં તારી માતાએ પણ નામ નોંધાવ્યું હોત**
**તો ?**

**(ક્રમશઃ)**

# કૈલાસ માનસરોવર યાત્રા : માર્ગદર્શન અને પૂર્વ તૈયારી (ભાગ-૧)

**શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગરના મહિલા અગ્રણી, પતંજલિ યોગપીઠના યોગશિક્ષક અને નેચરોપથી ચિકિત્સક એવા વર્ષાબેન દવેએ કૈલાશ માન સરોવરની યાત્રા તાજેતરમાં સંપન્ન કરી છે. તેઓએ સમગ્ર જ્ઞાતિજનો વિષે માર્ગદ્રશન અને તૈયારી માટેની વિગતો પોતાના સ્વ-અનુભવો આપેલ છે. આ વિગતો સૌ જ્ઞાતિજનોને ઉપયોગી થશે તેવી આશા છે. સાથે સાથે વર્ષાબહેને જ્ઞાતિજનો માટે આવો સરસ વિગતવાર લેખ આપ્યો તે માટે જ્ઞાતિજનો અને ભટ્ટ મેવાડા વર્તમાન આભાર માને છે.**

ભારત સરકાર દ્વારા જાન્યુઆરી માસમાં સમાચાર પત્રોમાં જાહેરાત આવે છે. mea.gov.in પર પણ ઓનલાઈન રજીસ્ટ્રેશન તાય છે. પાસપોર્ટ હોવો જરૂરી છે. યાત્રાનો સમયગાળો મે થી સપ્ટેમ્બર માસનો હોય છે. ડ્રો સીસ્ટમથી એક બેચમાં ૬૦ યાત્રી પ્રમાણે કુલ૧૬ બેચ લેખે કુલ ૯૬૦ યાત્રીનું લિસ્ટ તૈયાર થાય છે. તેમાં નંબર આવે તો પોસ્ટ - ઈમેલ દ્વારા વિદેશ મંત્રાલય દ્વારા જાણ કરાય છે. યાત્રા કરવા ઈચ્છનારે કન્ફોર્મેશન સાથે ૫૦૦૦/-નો ડીડી 'કુમાઉ મંડલ વિકાસ નિગમ', ન્યૂ દિલ્હીનો મોકલવાનો રહે છે. જે રકમ પરત મળવાપાત્ર નથી.

યાત્રાનો સમયગાળો ૨૭ દિવસનો તથા ૩ દિવસ મેડીકલ ટેસ્ટ (તથા ITBP અને વિદેશ મંત્રાલય એમ) કુલ ૩૦ દિવસ દિલ્હીમાં ગુજરાતી સમાજ ભવનમાં યાત્રીઓ માટે રહેવા જમવાની સગવડ અપાય છે. હાર્ટ એન્ડ લગ્સ ઈન્સ્ટીટ્યૂટમાં રૂા. ૩૧૦૦ ભરીને મેડીકલ ટેસ્ટ થાય છે. બીજે દિવસે ભારતીય તિબેટ સીમી પોલીસ દ્વારા મેડીકલ ટેસ્ટ થાય છે. બંને જગ્યાએથી મેડીકલ ટેસ્ટમાં ફીટ થનાર યાત્રી યાત્રા પર જઈ શકે છે. અનફીટ વ્યક્તિ યાત્રા પર જઈ શકશે નહીં. ત્રીજે દિવસે વિદેશ મંત્રાલય દ્વારા યાત્રી સંબંધીપૂર્ણ જાણકારી અપાય છે. સાંજે દિલ્લી સરકાર દ્વારા સન્માન સમારોહમાં કીટ અપાય છે. જેમાં એક રક્ષક બેગ, ટ્રેક શૂટ, રેઈન શૂટ, કેપ, ટોર્ચ, રૂદ્રાક્ષ માલા, પૂજાપો વગેરે પ્રત્યેક યાત્રીને આપવામાં આવે છે. યાત્રા માટે ૨૨,૦૦૦નો ડીડી + ૭૫૦ ડૉલર પણ જમા કરાવવાના રહે છે. આ સિવાય ભારતમાં ૨૦,૦૦૦ તથા ચીનમાં આશરે ૩૦૦૦૦ ખર્ચ થાય છે. બીજો મેડીકલ ટેસ્ટ આઈટીબીજી ગૂંજીમા થાયે છે. (ત્યાં પણ ફીટ હોવું જરૂરી છે) યાત્રા ખર્ચ એક લાખ જેટલો થાય છે.

યાત્રા માટે જરૂરી ગરમ કપડાં, રેઈન કોટ, જરૂરી દવાઓ વરસાદથી સામાન સચવાય તેવી બેગ જરૂરી દિનચર્યાની વસ્તુઓ સાથે ૨૦ કિલોથી વધુ ન થાય તેવો સામાન. (ક્રમશઃ)

## પ્લીઝ પપ્પા......

જન્મવું છે મારે માં, દીકરી તરીકે તારી,
બનવુ છે પપ્પા મારે તમારી બહુ જ પ્યારી
રહેવુ છે આંગણમાં બનીને તમારી ક્યારી,
બજાવવી છે ફરજ મારે બધાના પેટ ઠારી.
પ્લીઝ પપ્પા મને જલ્દી બનાવો દીકરી તમારી

બનાવી ઘોડા તમને કરવી છે મારે સવારી
કાલી ઘેલી ભાષામાં કરવી છે મારે લવારી,
કરવી છે સેવા સર્વની હોય ગમે તેવી બીમારી,
ગર્વથી કહેવડાવીશ કે આ દીકરી છે અમારી.
પ્લીઝ પપ્પા મને જલ્દી બનાવો દીકરી તમારી

કેમ મા દવાખાને, છે કોઈ તને બિમારી ?
ખાટકીની જેમ શું જરૂર છે ડોક્ટરે મને જોવાની,
સજા ના દે આકરી 'માં' સલાહ માની આવાની
એબોર્શનથી ના બનાય પારકી છુ હું તારી પોતાની
પ્લીઝ પપ્પા મને જલ્દી બનાવો દીકરી તમારી

નહિ પડુ હુ પપ્પા આપને કદીયે ભારી,
નહિ જવા દઉ આપને દહેજ સામે હારી,
માનીશ હુ આપના બંનેની સલાહ સારી,
દીકરો થઈને રહીશ ભલે હોઉ દીકરી તમારી,
પ્લીઝ પપ્પા મને જલ્દી બનાવો દીકરી તમારી

- ડૉ.રાકેશ એન. ભટ્ટ (ગાંધીનગર)

## નવા વર્ષે સંકલ્પ કરીએ કે...

- હું દરરોજ એક સત્કાર્ય કરીશ
- હું દરરોજ એક જ્ઞાતિજનને મદદરૂપ થઈશ
- હું ભાઈના દુઃખમાં દુઃખી અને સુખમાં સુખીની ભાવના કેળવીશ.
- હું જે વ્યવસાય - નોકરી કરતો હોઈશ - સમાજને મદદરૂપ થઈશ
- સમાજ, સંગઠન મજબૂત બને તે માટે સહકાર આપીશ.
- સમાજ તરફથી યોજાતા કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઈશ.
- સમાજ તરફથી જાહેર થયેલ યોજનાઓને સાનુકૂળ પ્રત્યાઘાત આપીએ.
- સમાજ તરફથી થતી વિવિધ પ્રવૃત્તિઓ વધુ સારી થાય તે માટે રચનાત્મક સૂચનો કરીશ.
- સમાજના મુખપત્ર 'ભટ્ટ મેવાડા વર્તમાન'નું લવાજમ ભરીશ અને અન્ય એક વ્યક્તિ પાસે લવાજમ ભરાવીશ.
- હું મારી ૩૬૫ દિવસની આવકમાંથી એક દિવસની આવક સમાજ માટે વાપરીશ.

# લખી રાખો, આરસની તકતી પર (૧)

**શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ લિખિત રત્નત્રયી ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત 'લખી રાખો, આરસની તકતી પર' પુસ્તકના લેખો ભટ્ટ મેવાડા વર્તમાનના વાચકો માટે અત્રે પ્રસ્તુત છે. આ પુસ્તક ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે. આ પુસ્તકને છાપવાની પરવાનગી આપનાર રત્નત્રયી ટ્રસ્ટ, મુંબઈનો ભટ્ટ મેવાડા વર્તમાન ખાસ આભાર માને છે.**

(૧)

મહારાજ સાહેબ,

એક અતિ ગંભીર સમસ્યા લઈને આપની સામે આવ્યો છું.
જો નહીં ઉકેલાય આ સમસ્યા તો એનું કટુ પરિણામ
શું આવશે એની હું ખુદ કલ્પના કરી શકતો નથી
પણ મને માત્ર આશા જ નહીં, પૂર્ણ શ્રદ્ધા છે કે
આપના તરફથી મળનારું સમ્યક્ માર્ગદર્શન આ
સમસ્યાનું સમાધાન કરી જ આપશે.
સમસ્યા એ છે કે
મારાં મમ્મી-પપ્પા આજે પ્રૌઢાવસ્થા વટાવી ચૂક્યાં છે.
હું છું ત્રીસનો
તો મમ્મી-પપ્પા છે પાંસઠ-સિત્તેરનાં.
નાની-નાની બાબતમાં
પપ્પા સાથે મારે અને
મમ્મી સાથે મારી પત્નીને મતભેદ પડ્યા જ કરે છે.
મારી વાત સમજી શકે એવી પપ્પા પાસે બુદ્ધિ નથી
તો
મારી પત્નીની વાત સમજી શકે એવી મમ્મી પાસે અક્કલ નથી.
બળદગાડાના યુગમાં મમ્મી-પપ્પા જન્મ્યાં છીએ
અને જેટલું દૂરનું જોઈ શકીએ છીએ
અને વિચારી શકીએ છીએ
એટલું દૂરનું મમ્મી પપ્પા
જોઈ શકતા નથી અને વિચારી શકતાં પણ નથી.
આને કારણે ઘરમાં સતત સંઘર્ષો થયા જ કરે છે.
મને ઘરની બહાર ચાલ્યા જવાનું મન થાય છે
તો મારી પત્ની વારંવાર પિયર ચાલ્યા જવાની ધમકી આપ્યા કરે છે.
મેં એકવાર તો મમ્મી-પપ્પાને કહી પણ દીધું કે
અમને અમારી રીતે જીવવા દો
અને તમે તમારી રીતે જીવો.
તમારે આ ઉંમરે આખરે જોઈએ પણ શું ?
ત્રણ ટાઈમ જમવાનું વ્યવસ્થિત મળી જાય,
માંદગી આવે તો દવા-દારૂની વ્યવસ્થા થઈ જાય,
બેસવા-સૂવા માટેની નાનકડી ઓરડી મળી જાય,
પહેરવા માટે સ્વચ્છ અને સુઘડ વસ્ત્રો મળી જાય.
બસ, પત્યું.
હું તમારી આ બધી વ્યવસ્થા ગોઠવી દઉં
પછી તો તમે આ ઘરમાં શાંતિ રહો !
દરેક દરેક બાબતમાં અભિપ્રાય આપવાની અને
સલાહ આપવાની તમને જે ટેવી પડી ગઈ છે એના પર
થોડોક તો કાબૂ રાખો !
પણ વ્યર્થ ! એમના સ્વભાવમાં આંશિક પણ સુધારો નથી.
મને એમ લાગે છે કે કાં તો હવે અમારે
મમ્મી-પપ્પાથી જુદાં થઈ જવું જોઈએ
અને કાં તો કડક થઈને મમ્મી-પપ્પાને ચૂપ થઈ જવાની
નોટિસ આપી દેવી જોઈએ.
આખરે સહન કરવાની પણ એક હદ હોય ને ?
હા, હું કદાચ એમનો દીકરો હોવાને નાતે એમનો આવો બેકર સ્વભાવ
નભાવી લઉં પણ મારી પત્ની કે જેની કોઈ ભૂલ જ
નથી એ મમ્મી-પપ્પાના ક્ષુદ્ર સ્વભાવને ક્યાં સુધી સહન કરે ?
સાચું કહું ?
સાંજ પડ્યે ઓફિસેથી ઘરે આવતાં આનંદ થવો જોઈએ એને
બદલ મને ભાર લાગે છે.
આપ જ કહો, આ પરિસ્થિતિમાં મારે શું કરવું જોઈએ ?
સાથે રહું છું તો સંઘર્ષ ચાલુ રહે છે,
શાંતિ મેળવવી હોય તો જુદાં થવું અનિવાર્ય છે.

(૨)

દર્શન,

તારો પત્ર વાંચ્યો.
એક વાત તો સ્પષ્ટ લાગે છે કે
બુદ્ધિના અભાવથી તું પીડાતો નથી પણ
બુદ્ધિના દુરુપયોગથી તું પીડાય છે,
નહિતર પ્રચંડ ઉપકારી એવાં મમ્મી-પપ્પા માટે તું
આવું લખી શકે ખરો ?
બળદગાડાના યુગમાં મમ્મી-પપ્પાં જન્મયાં છે
એ તારી વાત સાચી
પણ એ જ મમ્મી-પપ્પા તારે માટે જન્મદાતા બન્યાં છે.
અને જીવનદાતા પણ બન્યાં છે એનો તને ખ્યાલ છે ખરો ?
મમ્મી-પપ્પામાં અત્યારે કદાચ તારા કરતાં બુદ્ધિ ઓછી હશે
પણ, તું જન્મ્યો ત્યારે તારામાં બુદ્ધિ હતી જ નહીં એ તો તારા
ખ્યાલમાં છે ને ? જન્મના શરૂઆતના દિવસોમાં
કપાળ પર કાગડો બેસીને ચાંચ મારીને તારી આંખ ફોડી નાખત
તોય એને ઉડાડવાની તારામાં અક્કલ પણ નહોતી
અને તાકાત પણ નહોતી એ તો તું સ્વીકારે છે ને ?
પોતાની તમામ જાતની અનુકૂળતાને
અવગણીને પણ મમ્મીએ તારી સુખાકારીની ચિંતા કરી છે
એ તો તારા ખ્યાલમાં છે ને ?
અરે, જન્મ આપયા પછીની મમ્મીની કાળજીની વાત છોડ.
તું એના પેટમાં હતો એ વખતે એણે આપેલા ભોગને તું માત્ર યાદ કરી લે.
કૃતજ્ઞતાનું લોહી તારા શરીરમાં વહેતું હશે તો
તારી આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગશે.
હું તને જ પૂછું છું.
તું માત્ર એક નાનકડી ચોપડી હાથમાં રાખીને નવ દિવસ
પ્રસન્નતાપૂર્વક પસાર કરી શકે ખરો ?
એક પળ માટેય ચોપડી ક્યાંય મૂકવાની નહીં
અને છતાં સતત પ્રસન્નતા ટકાવી રાખવાની.
આ તારે શક્ય છે ખરૂં ? જો ના,
તો મારે તને એટલું જ કહેવું છે કે નવનવ મહિના સુધી પેટમાં
રાખીને તારી મમ્મીએ તારો ભાર વેઠ્યો છે. (અનુ. પાન નં. ૧૦૫૨)